ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૦૩/૧૮–૧૯/ 5783 તારીખ : 24 DEC 2018

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૩/૧૮–૧૯

પ્રતિ,
શ્રી વાળાકી ધીરૂભાઈ હરીભાઈ,
મુ.દાઠા, જૈન દેરાસર પાસે,
ખરક શેરી,
તા. તળાજા, જી.ભાવનગર.
**મો.નં. ૭૬૯૮૪ ૦૪૨૨૦**

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનના નામ ટ્રાન્સફર બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૧/૦૮/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૧૮–૧૯/૪૦૬૪ તા.૧૦/૦૯/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૧૮–૧૯/૫૧૦૨ તા.૦૫/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૧૧/૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૦૩/૧૮–૧૯</u> ☜

વાદી :– શ્રી વાળાકી ધીરૂભાઈ હરીભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૭.૧૧.૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી વાળાકી ધીરૂભાઈ હરીભાઈ

પ્રતિવાદી :– શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વાળાકી ધીરૂભાઈ હરીભાઈ, મુ.દાઠા, તા.તળાજા, તા.જી.ભાવનગરની ખેતીવાડી વીજકનેકશનના નામ ટ્રાન્સફર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૩/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૦૩/૧૮–૧૯/૪૦૬૪ તા.૧૦.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર વાળાકી ધીરૂભાઈ હરીભાઈ તળાજા તાલુકાના દાઠા ગામમાં જૈન દેરાસર પાસે રહીએ છીએ.

૧.૨ ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના ગામ દાઠામાં અમે તલ્લી રોડ પર મારા ભાઈના દીકારના નામે ખેતીવાડી જમીન ખરીદ કરેલ છે તેમાં અમારૂ ભીખાભાઈ નાનજીભાઈ વાળાકીના નામથી ગ્રાહક નં.૩૭૬૪૮૦૫૧૧૮૪ થી ચાલે છે.

૧.૩ સદર ઉપરોકત ગ્રાહક નંબર વાળા કનેકશનમાં અમો દવારા નામ ટ્રાન્સફર કરવા માટે રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૩૦૦/– તા.૧૦/૦૪/૧૮ ના રોજ રસીદ નંબર ૪૧૯૬૨૬ થી અમારી મહુવા ગ્રામ્ય–૨ વીજ કચેરીમાં ભરપાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૪ ત્યારબાદ અમારા દવારા રૂરલ–૨ વીજકચેરીમાં તપાસ કરેલ કે અમારૂ ડીપોઝીટ ભરવા માટે અંદાજપત્ર કયારે આવશે, તો હાજર અધિકારી દવારા જણાવેલ કે તમારી ફાઈલ ભાવનગર થી આવશે એટલે અમો જાણ કરીશું. ફરી વખત અમો દવારા ૩૦૦ ની પહોંચ બતાવેલ અને કોટેશન બાબતે પુછતાં હાજર અધિકારી દવારા જણાવેલ કે હજુ ભાવનગરથી તમારી ફાઈલ મંજુર થઈને આવેલ નથી. તેથી મે કહેલ કે આવે એટલે મને ફોનથી જાણ કરજો, દાઠા ૩૦ કી.મી. દુર થાય છે.

૧.૫ ત્યારબાદ ફરી વખત હું ૩૦૦ રૂપિયાની રસીદ લઈને ઓફીસમાં ગયેલ અને પુછેલ કે કોટેશન કયારે આવશે, તો હાજર અધિકારી દવારા જણાવેલ કે તમને ટપાલ દવારા મોકલાવેલ છે તો તમારા ગામમાં તપાસ કરો. અમારા ગામમાં તપાસ કરતાં મને મળેલ નહી. એ–૧ ફોર્મમાં મોબાઈલ નંબર લખેલ છે, તેથી અમોને મોબાઈલથી જાણ કરવી જોઈએ. ઓફીસમાં કોટેશનની નકલ પડેલ હોવા છતાં અમને આપવામાં આવેલ નથી અને અમોને હેરાન કરવામાં આવે છે. કચેરીમાં કોટેશન પડેલ હોઈ, તો રૂબરૂ આપવાનો નિયમ છે. અંદાજપત્ર મોકલતા પહેલા ફોન પર જાણ કરવી જોઈએ.

૧.૬ આપ સાહેબ અમારી ફરીયાદનો અભ્યાસ કરી હુકમ કરવા વિનંતી છે. મને ફોન કરી કોપી આપે અથવા રજી.એ.ડી. કરી મને ફોન દવારા જાણ કરી, ખેતીવાડી નામ ફેરફારનું કોટેશન અપાવવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆંત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર દાઠા ગામની તેમની ખેતીવાડીમાં ભીખાભાઈ નાનજીભાઈ વાળાકી નામથી ખેતીવાડી ૫ એચ.પી નું A૨ કેટેગરીથી વીજ કનેકશન ધરાવે છે.

- કનેકશન ધારણ કરનારનું નામઃ ભીખાભાઈ નાનજીભાઈ વાળાકી
- ગ્રાહક નંબર : ૩૭૬૪૮૦૫૧૧૮૪
- એચ.પી.–૫
- ગામ : દાઠા
- કેટેગરી – A૨

૨.૨ સદર અરજદાર દવારા તેમના ઉપરોકત કનેકશનમાં નામ ફેરફાર માટે ભીખાભાઈ નાનજીભાઈ વાળાકીના નામથી અજયભાઈ બાવચંદભાઈ વાળાકીના નામે નામફેરફાર કરવા માટે રૂા.૩૦૦/– રસીદ નંબર ૪૧૯૬૨૬ થી તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે.

૨.૩ સદર કેસમાં નામ ફેરફાર માટે ફાઈલ જાવક નંબર ૩૬૬૨ તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ મહુવા વિભાગીય કચેરીમાં મોકલાવેલ અને મહુવા વિભાગીય કચેરી દવારા જાવક નંબર MHVD/REV/૬૮૩૩ મેળવી કાર્યવાહી કરવા જણાવેલ.

૨.૪ સદર કેસમાં શરતી મંજુરી મળેલ હોઈ તેથી ચતુરદીશા તેમજ પિયતનો દાખલો જેવા ઘટતાં પુરાવા મેળવવા માટે અરજદારને તેમના એ–૧ ફોર્મ ઉપર લખેલ મોબાઈલ નંબર ૯૫૮૬૦૫૦૧૨ ઉપર જાણ કરતાં તે નંબર લાગેલ ન હતો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ સદર કેસમાં શરતી મંજુરી મળેલ હોવાથી તેમજ કોઈ ખાસ કવેરી ન હોવાથી મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા તેમને અજયભાઈ બાવચંદભાઈ વાળાકીના નામથી જાવક નંબર ૩૯૯૭ થી તા.૨૦/૦૬/૨૦૧૮ ના રોજ RPAD દવારા રૂા.૯૩૫/– નું અંદાજપત્ર પાઠવેલ છે, જેની છેલ્લી તારીખ ૧૯/૦૭/૨૦૧૮ ની છે.

૨.૬ સદર અંદાજપત્ર મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા તા.૨૦/૦૬/૧૮ ના રોજ પોસ્ટ ઓફીસમાં આપેલ અને પોસ્ટ ઓફીસ દવારા તેનું RPAD તા.૨૬/૦૬/૧૮ ના રોજ સમય ૧૩.૨૧ કલાકે RPAD કરેલ છે, જે રસીદ આ સાથે સામેલ છે.

૨.૭ સદર અરજદારને ઉપરોકત RPAD કરેલ અંદાજપત્ર મળી ગયેલ અને જે મળ્યા અંગેની રસીદ મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીને પરત પણ મળેલ છે, જેમાં અરજદાર દવારા અંદાજપત્ર રીસીવ કર્યાની સહી પણ કરેલ છે.

૨.૮ સદર અરજદાર દવારા તેમની છેલ્લી તારીખ પુર્ણ થયા બાદ ઓફીસનો સંપર્ક કરેલ છે, તેથી તે સમયે DYSA દવારા E-URJA સીસ્ટમમાં ચકાસણી કરતાં તેનું સ્ટેટસ NOT PAID CANCEL બતાવતું હતું.

૨.૯ જયારે અરજદાર દવારા ઓફીસનો સંપર્ક કરેલ ત્યારે તેમને સમયમર્યાદા વધારવા બાબતની અરજી કરવા સમજાવેલ અને ત્યારબાદ ફરી વખત તેમને સમયમર્યાદામાં અંદાજપત્ર આપવાની બાંહેધરી ચાર્જના રૂા.૩૦૦/– ભરપાઈ કરેલ તે પણ પરત માંગવા માટેની રજુઆત કરેલ અને DYSA સાથે રૂબરૂમાં પણ અરજદારને સમજાવેલ.

૨.૧૦ તા.૨૦/૦૯/૧૮ ના રોજ ગ્રામ્ય–૨ વીજકચેરીના DYSA તેમજ મીટરરીડર દાઠા ખેતીવાડી વિસ્તારમાં મીટર ક્રોસ રીડીંગ ચેકીંગ માટે ગયેલ અને સદર અરજદાર તેમને ખેતીવાડી વિસ્તારમાં મળેલ રહેણાંક બાજુમાં જ હોવાથી અરજદારની સાથે તેમના ઘરે જતાં સદર બાબતે ચર્ચા થતાં અંદાજપત્રક મળેલ કે નહી તે બાબતે અરજદાર દવારા વાત કરતાં DYSA દવારા ઓફીસમાંથી RPAD કવર અરજદારને મળ્યાની અરજદારની સહીવાળી રસીદ મોબાઈલ દવારા મંગાવતા અને તેમને બતાવતા અંદાજપત્રક રીસીવ કર્યાની સહી કોની છે તેમ પુછતાં તેમની દીકરી દવારા જણાવેલ કે સદર અંદાજપત્ર તેમને મળેલ અને રીસીવમાં સહી પણ તેમની જ છે, તેવું અરજદારની રૂબરૂમાં તેમની દીકરી દવારા સ્વીકારેલ હતું.

૨.૧૧ આમ, અરજદારને સદર અંદાજપત્ર સમયસર તેમના ઘરે મળેલ હોવાથી અને તેમના દવારા નિયત આધારપુરાવા સાથે નવી અરજી કરવામાં આવે તો કંપનીના નિયમાનુસાર તેમના કનેકશનમાં નામ ફેરફારની કાર્યવાહી ત્વરીત હાથ ધરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ધીરૂભાઈ હરીભાઈએ, ભીખાભાઈ નાનજીભાઈના ખેતીવાડી વીજજોડાણનાં નામ ફેરફાર માટે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ ભીખાભાઈ નાનજીભાઈ વાળાકી, ગામ–દાઠામાં ગ્રા.નં.૩૯૬૪૮/૦૫૧૧૮/૪ થી ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

Grievance Redressal ... P.G.V.C.L Bhavnagar.

..૪..

૩.૩ તા.૧૦/૦૪/૧૮ ના રોજ ભીખાભાઈ નાનજીભાઈએ તેના વીજજોડાણમાં નામ ફેરફાર માટે અને અજયભાઈ બાવચંદભાઈના નામે કરવા માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૪ પ્રતિવાદીએ નામ ફેરફાર અંગેની જરૂરી મંજુરી મેળવી, જાવક નં.૩૯૯૭ તા.૨૦/૦૬/૧૮ ના રોજ રૂ.૯૩૫/- નું અંદાજપત્ર રજી.એ.ડી. દવારા ભીખાભાઈ નાનજીભાઈનાં સરનામે મોકલવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૯/૦૭/૧૮ ની હતી.

૩.૫ પ્રતિવાદીએ નામ ફેરફાર માટેની અરજીમાં જણાવેલ સરનામા પર અંદાજપત્ર રજી. એ.ડી. દવારા મોકલેલ, જે અંદાજપત્રમાં અરજદાર દવારા રીસીવ કર્યાની સહી છે અને તેની મળ્યાની પોસ્ટની રસીદ ફોરમને રજુ કરેલ છે.

૩.૬ અરજદાર દવારા અંદાજપત્ર સમયમર્યાદામાં ભરપાઈ ન કરવાથી રદ થયેલ છે.

૩.૭ ત્યારબાદ અરજદારે ઓફીસનો સંપર્ક કરેલ ત્યારે પ્રતિવાદીનાં અધિકારીએ અરજદારને સમયમર્યાદા વધારવા માટે અરજી કરવા સમજાવેલ પરંતુ અરજદારે સમયમર્યાદા વધારવાની અરજી પ્રતિવાદીની કચેરીમાં કરેલ નહી. આમ, અરજદારનું અંદાજપત્ર રદ થવાથી અને સમયમર્યાદા વધારવાની અરજી ન કરેલ હોવાથી વાદીની ફોરમને કરેલ રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :-**૧૭.૧૧.૨૦૧૮**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.